આદમી

અને

તેની દુનિયા.

દીબાચો

પ્યારા અરદેસર,

વીસ વરસ ઉપરની તમારી મારી પાક દોસ્તીમાં એક પણ ખલલ પડી હોય એમ મને યાદ નથી. માન અને મોહબતનો આ જેવો તેવો દાખલો નહિ કેહેવાય. એ સુલેહભરયા અને બિનસ્વારથી સંજોગ દરમ્યાન તમારી તેમજ મારીઉપેર દુનિયાના હાદેસા પડવાના કાંઇ બાકી નથી રહયા.

મને પોતાને તો આ દુનિયાની હજી સમજ પડતી નહી. મોહોત જીવતના ભરમ, બહેસ્ત દોજખના ભેદ, હું આસ્તે આસ્તે સમજવા લાગ્યો. ખુદા, જે ભલાઇથી ભરપૂર ભરમ છે, તે ખાવિંદ, અને તેની કુદરતના બીજા ઘણા ચમતકાર બી કદાચ હું સમજી શકું. પણ આદમી, ભલાઇ બુંડાઇનો આવો ભેળમભેળ, એતો મારી સમજથી બહારજ રેહેવાનો. એ આદમી અને એની દુનિયા—જેમાં આપણે બંને સમાયલા છિયે—તેના અભ્યાસથી મારૂં મગજ જેટલું ઘસાઈ ગયું છે તેટલું મારૂં જિગર જખમાયું હશે. એવે વખને તમારી ધીરજ અને નસિહત બહુ કામ લાગી. એના અવેજમાં મેં શું કીધું ? હું શું કરી શકું ?

રોજ રામયજદ, માહ મેહેરયજદ ૧૨૬૭.

દુઆગો,
બહેરામજી.

આદમી અને તેની દુનિયા

આદમ કોણ?

કુલ કુદરત ખુદાની—જમીન્ આસમાન,
સુરજ શું, સેતારા, શું ચંદાઉપર;
શું દરિયા—ચરંદાં, પરંદાં તમામ—
મગરમછ કે શેર—સરવે બંદાઉપર—
તું આદમનો કાબુ. હજારો હજાર
એ સરવેથી આલા; ને સરજતઉપર
બી ત્હારી છે સત્તા. વખતનો તું વાલી.
હમેશગીના શાહ, શુક ત્હારીઉપર.
ખુદાથીજ બીજો, ન જૂદો તું જીત—
વારી જાણ બુલંદ સરદારીઉપર.



આદમ શું ?

ગગનની ગુંબજરોકી ગરદનઉપર
એક તલસરખું ધાબું સમાતું દિઠું.
પાસિફિક્ સાગર સપાટીઉપર ;
એક અદના મેં તણખું તણાતું દિઠું.
મિસરના પુરાતમ પિરામિદઉપર
નવલ એક કિલ્લું ચણાતું દિઠું.
પવનના ભયાનક ફુફારાની સાથ
સિસોલ્યું રૂદન સણસણાતું દિઠું.
કે સીસમ સનોબરના જંગલમધે
એક નિરજિવ બિયું જઇ વવાતું દિઠું.

બરફમાર બારિશ[૧] વચ્ચે ગાજવીજ
મુગું એક ભણતર ભણાતું દિઠું.
અંધારાં ને છુપાં ભુમી પેટમાં
ખનિજનું એક [illegible] ખણાતું દિઠું.
અનંત આએ કુદરતના તાણાઉપર
વણાટ એક સુતરનું વણાતું દિઠું.
ખલકના મેં અગણીત ખેલોવચ્ચે
એવું તુચ્છ આદમીને ગણાતું દિઠું.



૧ વરસાદ.



તીન અઇન ફરજ.

પહેલી ફરજ બંદેકી–બંદગી કરલે યકીન પાકસે.
નહિ કારસાજી કિસ વજે સિરપે ઉઠાને ખાકસે.
ન હસના રોના મુંસે હાસિલ, ચલના જલદી આસતે.
તું બંદગી કરના ચાહે, બંદે, કર ખુદાકે વાસતે.

દુસરી સખાવત હય ફરજ; કરલે સખાવત હાતસે;
કર તનસે, મનસે, દિલસે, બંદે, કરલે અપની જાતસે.
પર[1] કુલ સખાવત કે લિયે તું યાદ રખ દરખાસ્ત એ,
ન તેરે, મેરે, કિસકે ખાતર, ફકત[2] ખુદાકે વાસતે.

તિસરી ફરજ ઇનસાફ ખાલેસ હય હ્યાં આદમજાતમેં;
જયસી તું ચાહે અપનેલીયે સબકાં દે સબ બાતમેં.
રખ લેની દેની સાફ, સબ પરવરકે હય ગુમાશ્તે.
ઇનસાફ ઔર હીસાબ અદલ તું કર ખુદાકે વાસતે.

યે તીન ફરજાં અઇન સહી–ઇનસાફ, બંદગી નોકપે;
બિચમે સખાવત ખુબ બિરાજે ફાની દુનિયા ચોકપે.
આદમ તું ઇન તીનોસે કરલે જિંદગી બહેશ્ત આરાસ્તે–
બંદગી, સખાવત, દાદખાહી, કર ખુદાકે વાસતે.

---

૧ પણ.

જમાના નાપાયદાર.

કિંઉ મુસ્તાક હોકે તું ફિરતા બિરાદર ?
અએ દાના, તવાના, હોનારતમેં હાજર.
ચલે ગય બડે ફિલસુફાં, પેહેલવાનાં;
અરે દોસ્ત દાના, તું હોગા દિવાના.

ન દાનાકી દાનાઈ હરદમ ટકેગી;
ન નેકાંબી હરદમ ગુજારેંગે નેકી;
કિસે યારી હરદમ ન દેતા જમાના;
અરે દોસ્ત દાના, તું હોગા દિવાના;

કુવત પીલતનકા તું લેકે ફિરેગા,
જમાના અચાનક શિકસ્ત આકે દેગા;
અકલકી નકલ બેઅકલ બસ બનાના;
અરે દોસ્ત દાના, તું હોગા દિવાના.

ગુજારે અવલ બચગોકી બાદશાહી,
હોનારત દરદ દેવે જમકી ગવાહી;
બેતાકાત, કિસ રાહ ઉઠાના સોલાના;
અરે દોસ્ત દાના, તું હોગા દિવાના.


જવાનો કમર કશકે ફીરતીથી કયસી ?
તુટેલી કમરસે ઉસેબી મેં દેખી.
કમરકે તુટે થાં હજારોં જવાનાં;
અરે દોસ્ત દાના, તું હોગા દિવાના.

અગર હો ગિરસ્થ, ઘરકી જંજાલ પાયા;
એ દુનિયામેં તું કયા બી આયા ન આયા;
દીન દુનિયા અબી તેરા છુપા જનાના;
અરે દોસ્ત દાના, તું હોગા દિવાના.

બુજોરગીકી બચગીસે બદતર હય હાલત,
જબ આવે બુડાપા ન રહેતી કમાલત;
હસે બીબી—'અબ તુમ ખેલોને ખેલાના;'
અરે દોસ્ત દાના, તું હોગા દિવાના.

હો હાકિમ વ શાએર, હો નાજર વ કાજી,
ઉમરસાથ ઉતરે નસીબેકી બાજી;
બુજોરગીકી બત્તી અંધેરે જલાના;
અરે દોસ્ત દાના, તું હોગા દિવાના.

ન દુનિયામે તેરા હુઆ કો ન હોગા,
ન તું તેરા હોવે—હસેગા વ રોગા;
સિવા પાક દાદાર સબ કોઇ બેગાના;
અરે દોસ્ત દાના, તું હોગા દિવાના.



ફકીરી હાલ.

અરે બેવફા, નફટ જિંદગી;
ન પોંહોચે તુજે અસર બંદગી.
ન મ્હોબત, ન સોહબત, ન હસરત સફા;
કિસી રાહસે શીખે તું હમસે વફા?
મુદા દેખતે જી હારા હય;
ફકીરી હાલ હમારા હય.

મિલી માદરી હમે દિલપસંદ.
ભુલાયે યજદ વ અમશાસ્પંદ.
ખુદા શાયદ ક્યા ખાલેસ પ્યાર!
દોઆ યાદ ઉસપે હજારાંહજાર.
મગર તુટા પ્યાર મિનારા હય.
ફકીરી હાલ હમારા હય.

અરે કહાં ગઇ દુલી માદર ?—
ગલેસે લગાના કર આખર.
ન કિઉં સાથ લે ચલી ઓ અમા ?
કિસે અબ રહી હમારી તુમા ?
સેતમ જબસે યે ગુજારા હય,
ફકીરી હાલ હમારા હય.

જખમ રૂજ આયે નહી અબતક,
મિલે દોસ્તીકે રોજીરજક.
બિરાદરસે જ્યાદે એ યારી થી;
મગર ઉસકોં ગર્જ બરી પ્યારી થી.
બિરાદર કહાં બિચારા હય ?
ફકીરી હાલ હમારા હય.

ઓ માદરકા પ્યાર ભુલાને અભી,
ભુલાને એ દોસ્તકી દોસ્તી,
મિલી માશુક પરી નેક જાત,
પિલાને એશકકે આબેહયાત.
છુપા રોશન સેતારા બી હય;
ફકીરી હાલ હમારા હય.

લગે દિલસે દિલ, પાય જિંદગીકે ભેદ;
મિલે તન વ મન, ઇમાન ઓર ઉમેદ.
લગે ના લગે—અરે કયા સેતમ ?
છુટે પલમેં એક લગે જી—ખતમ.
કહો અબ કહાં દિલારા હય ?
ફકીરી હાલ હમારા હય.

ફના આસમાન, જમીન હો ફના;
તુટે જીને લી તુમારી પનાહ.
ફના માન મોજ, હો દોલતપે હેફ.
ફકીરીકો, અએ ખુદા, દેદો કેફ.
“ફના” દિલ “ફના” પુકારાજ હય.
ફકીરી હાલ હમારા હય.



મહારી માશુક ઉમેદ.


છુપાતો, ભરાતો ને શરમાતો રોજ,
કુલ હિમ્મત ને હિકમત બી હારેલો, હું—
ઉઠાવીને સિરપર મુસીબતના બોજ,
ને ધ્રુજતો, જમાનાનો મારેલો, હું—
ઉભો કેદખાને—મગર ન્હાનો છેદ
છપરની ઉપર—મ્હારી માશુક ઉમેદ !

અરે છેદ ન્હાના, સુરજનું કિરણ
તું લાવી અંદર કર આ દર બાગેબહેસ્ત.
સજીવન કરી મરતાં મુજ તન ને મન,
દફે કર ભયાનક આ દિલની દેહેસ્ત.
ને સિહા સફ્ફો જિંદગીનો કરવા સુફેદ,
સબુરી શિખવ, મ્હારી માશુક ઉમેદ.

પવન, રોશની, તાજગીદાર આબ;
સુકા નાન તુકડો મળો ના મળો—
ચલાવી શકું હું હયાતી હિસાબ—
દિવસ તે મુબારક અને છે ભલો.
સબરની કબરમાં પડયો જીવ કેદ
તું છોડવજે, બસ, મ્હારી માશુક ઉમેદ.

બિજું ચાહું શું? – આ જિંદગી ખુઆબ—
સિવાએ ઉમેદ કંઈ નથી બરકરાર.
એલમ ફિલસુફીથી ભરેલી કેતાબ
બી શિખવે બીજું શું વધુ પાયદાર?
ન બૈબલ, કોરાન, નહિ અવસ્તા, ન વેદ
તુંને પ્હોંચે ત્યાં, મ્હારી માશુક ઉમેદ.

ઉમેદ! અએ ઉમેદ!! મ્હારાં જિવતરની જોત,
બધું જાય પણ તું ન જાતી મુકી.
તું જિંદગી સદાની, પછી ત્હારી મ્હોત;
ચુકી જેણે તું, બહેસ્ત બાજી ચુકી.
વખત ને હમેશગીના ઉંડા જે ભેદ
ખુલ્લા કરશે તું, મ્હારી માશુક ઉમેદ.



મુઓ તું.

મુઓ દોસ્ત થાતો, તું દુશ્મન જબુન—
છે મોંહમાં શીરી[1], પણ છુરી કાખમાં.
સદા તરસે પીવાને મહોબતનું ખુન[2]—
ન દિલમાં દયા, નહિ હયા આંખમાં.

મુઓ બેટો,—મજદક, સદા કરતો કહેર—
કદી નહિ થયો ખુદ તું માબાપનો.
ચુસી લોહી બન્નેમાં નાખ્યું તેં જહેર—
મુબારક હવાલો તુંને સાંપનો.

---

૧ મિઠાસ. ૨ લોહી.

બિરાદર મુઓ થાતો, બદતર બખીલ;
મરે ભાઇ બેહેનો, ન સુણતો સવાલ.
રે મરતાંને પૂછે, 'કરે કેમ ઢીલ ?'—
ને ઉંચકી ઉછાડે પડયા જે બેહાલ.

મુઓ થાતો ખાવિંદ,—ખુદાવંદનો ચોર
તે સંસારમાં શું થશે સાહુકાર ?
જે નાદાર[1], નીચો, નફ્ટ, ચુગલખોર,
તે મૂજીની! જિવતી મરે મ્હોરદાર.

મુઓ બાપ—બચ્ચાંને હડહડતું પાપ
નડે આખી જિંદગી—મુઓ તું પિદર.
કુટુંબ ને કબીલાને માથે શરાપ;
દરદ ને લેયાનત તું નિર્દોષ સર.

નહસ તહારી હસ્તી; હશે શો ભરમ ?—
ખુદા જાણે હૈયાતી શા કામની ?
તું કુદરતનો કોફ, વહેતું દોજખ ગરમ—
છે સરજત ભલાંઓની અલઝામની.

૧ મરદાનગીમાં નાદાર.



જુવાનીમાં જઈફ.

જુવાનીમાં જઈફ, હું તો સુખમાં દુખી;
પસંદ પડતી પરણી કુમારો રહ્યો.
દિવસ ચાર સુખની ખુમારી પછી,
તું મરતાં જિવે, હું તો જિવતો મુઓ.


હા, મુઈ, તું છુટી, હું તો જિવતો રિબું,
જનમતક રંડાપાની ઝુસરી નિચે.
સુકી આંખે રોતો હું દાબું ડિબું—
ખુદા, એની પાસે હવે ઉંચકી લે.

હરામ આએ દુનિયાની મોજો તમામ;
અકારૂં આ જિવતર, મરણથી બુરૂં.
જમાનાથી લાંબુ, સુબેહ શું કે શામ,
એક પલપલ વખતનું બી કરવું પુરૂં.

અરે, મ્હારી તંગદિલ હાલત અંદર
દુઆ માગ, પ્યારી, ગમે એવી દૂર—
પલકમાં કરી હું ખતમ આ સફર,
મલું મીઠી માશુક જરૂર બા જરૂર.

---

૧ મરતાં જીવે=મરીને જીવે. જેમ બેસતાં થાકયો=બેસીને થાકયો.



આ દુનીયાના ઉપકાર.

વખત બે વખત હુંએ અહિં તહિં કિધા
જનમતકના ઉપકાર, આ જિંદગીમાં.
ઘણાંને બચાવ્યાં—શુકર અએ ખુદા—
કરૂં યાદ તેની હું હર બંદગીમાં.

બચાવ્યાં ઉડીજાતાં રાજાનાં સીર ;
ને ગાદી બચાવી છે બરબાદીથી.
મેં રાણીઓ રડતીને આપીને ધીર,
નવાજાવી જાગીર ને જર શાદીથી.

ઘણાંઓની બર લાવી આપી ઉમેદ—
કદરદાંની સરકારં દરબારમાં;
ઘણાંના ખુલીજાતા જિંદગીના ભેદ
ને તાલાં દીધાં મેં આ સંસારમાં.

કંઈક સાહુકારોને નાદારીથી
ઉગારી લીધા મેં ગરજને વખત–
ઘણાં દરદીઓ, જે મહામારીથી
ખસુસ મરતે, હાદિસા પડતાં સખ્ત.

ગરજને ગુનાહના ઘણા એવા ભોગ,
જે હમદિલી મ્હારીના લઇ ચુક્યા લાભ;
ગમે એવી મોતાજ, ગમે એવા રોગ–
નિચે જેને ધરતી નહિ, ઉપર ન આભ–

મેં તેવાંની સેવા બી કીધી શિતાબ,
બશારતથી ત્હારી, અએ પરવરદેગાર !
ન ચહાયો કંઇ બદલો, ન ચહાયું સવાબ–
થયું ત્હારી બરકત (થી) હતું જે થનાર.

ભુખ્યાં કંઇક જમાડું, ભુખ્યો રહીને હું;
મેં નાગાંને દિલ'પરનાં વસ્તર દિધાં.
રે રડતાંની સાથે હું બેસી રડું;
ન વરસાદ તડકાંનાં બહાનાં કિધાં.

અરે હું તો શું ? મ્હારાં બચ્ચાંના મુખ
માંથી કહાડી નવાલા, બિજાંમાં મુકયા.
ભુખે મારી મ્હારાં, ભાંજી બીજાની ભુખ–
જે ખાધાપછી મહારાં મોહ'પર થુકયા.

હા, થુક્યા તેજ મ્હોડાં'પર, જેની સિફત
થી મરતા બચ્યા મુજીઓ એક વાર.
જે હાથે જિવાડયા એ નકટા નફટ,
તેજ હાથઉપર કરવત ફેરવવા તયાર.

જે છાતીની હુંફમાં સુતા'તા એ સાંપ,
તે છાતીમાં મારે હવે જહેરી ડંખ.
વધુ લઇ વધુ માગે—"આપ, આપ, આપ,"—
એજ દીઠા મેં દુનિયામાં ઉપકાર ઢંગ.

કદી જોકે રાખી હતી નહિ મેં આશ;
મગર, બિનઅનુભવ, મને શી ખબર
જિગર'પર આ ચોબા પડે બાર માસ,
મગજ'પર છુરીની ફરે જહેરી ધાર?

ખુદા જાણે, આપી મેં માગ્યું નથી;
તકાદો તો કીધો નથી કોઈ'પર.
છતાં કેવી નાલેશ એ બદખ્વાહથી?
ને બહોતાન કેવાં? સબર, જિવ, સબર.

અફસુસ, યાર, એહસાન ન ચહાતો કદી
તવંગર કે મ્હોટાં કે આબાદથી;
મદદ જેને ત્હારી પુરી રહી સદી,
સદા રહેજે દૂર તેની ફરિયાદથી.

જો એહસાન હો તો ગરીબોમાં હોય-
જે મતલબના પૂરા ન પામ્યા સવાદ.
પરહેજગારો તું સામે ઝાંખી ન જોયઃ
છિનાળો સતીથી હશે નેકજાદ.

હું પોતે તો ઉપકાર એહસાન શું
સમજતો નથી, નહિ સમજવાનો બી.
ખુદા મ્હારી ઉમ્મેદ બર લાવ તું-
જાણે મૂવો હતો ને હું મરવાનો બી.

ફરજ જો અદા મેં કીધી હો, ખુદા,
ગરજ બીજી શી ?-એક ફાટી ચદ્દર-
ન ઉપકાર કોના, ન કોની અદા-
મળે ચાર ગજની જો સાદી કબર,

નનામી, છુપી, કોઇ બિયાબાનમાં,
કે પરવતની ઢલતી તલેટી ઉપર.
ગમે કોતરે, તુજ ખુદ ભાનમાં,
ફકત બેજ બોલો —ઇલાહી શુકર.





વગર ઉંઘની જિંદગી

ગુનાહ શા કિધા તુજ ગુલામે, ખુદા !
સદા ચાહી દયાનત ને નઇયત સફા.
ન અદના કે આલાને ગણ્યા જુદા ;
ને દુશ્મન બી કદી મેં કીધા છે માફ.

છતાં કેમ રાહત ન જિવને જરા–
ન મન રહે સુખી કે ન તન રહે દુરોસ્ત !
વગર ઉંઘની જિંદગીના આજે ખરા
સફા ફેરવું, જો અવલથી તું દોસ્ત.

વરસ દસની ઉમ્મરથી શોધ્યું હું ખાબ ;
ચુમાલિસ થશે, પણ ન એક એવી રાત
નથી યાદ, જ્યારે ન ગણ્યા હિસાબ
ગુજરતે દિવસના, ઘસી હાથે હાથ.

વિચારો, બનાવો ને દેખાવો સહુ,
દિવસના રહે આવી સામે ઉભા,
ભયંકર રૂપે, ને વધીને બહુ–
લેબાસો લપેટી નવા ને જુદા.

દિસે ન્હાનાં મ્હોટાંનાં દેખીને દુઃખ
દુખી થાઉં પોતે; વળિ રાતે એજ
દેખાવો ધ્રુજવે– ઓ માતાની કુખ
મુકીને આ બચ્ચું કમ્હોતે મરે છ !

અરે એને છોડવ, એ જિંદગી બચાવ;
રે ઉઠ, મ્હારા જિવ, દેવો પડશે જવાબ
તે દાદાર દરગાહે–જોયું તો લાવ
હવે છોડવી બચ્ચું મરતું શિતાબ.

એજ હરદમ છે હાલ–દેખી વિધવા દુખી,
હું વિધવા બનું, લેઇ રંડાપો સર;
દેખું લૂલી, કો લંગડી, કો અંધી, ભુખી,
ઘડીભર બનું તેવો હું બેખબર.

સુણતાં ગરજી સવાલ, પોતે ગરજી બનું;
કરૂં રાત દિન એ ગરજના વિચાર.
મટાડું ગરજદુખ જો થોડું ઘણું,
તો રાતે જરા બી મગજને કરાર.

ને નહિ તો એ દુઃખ સ્વપને આવી ધસી,
છાતી'પર બેસે પથ્થરની લાદી મિસાલ.
જાય દુઃખ પાસે જાણે ભેજુ ખસી—
એ રિતના, રફીક, મ્હારા બિસ્તર'પર હાલ.

દુખી હાલથી શોધી છુટકારો, હું
વરસ વીસે થાકયો—હવે જોઈ ભૂલ.
શું કરશે હકીમો? ને ફિલસૂફો શું?
બનાવટ મગજની જ્યાં છે દુખનું મૂળ.

હકીમુ ને ફિલસૂફી, વિદ્યા હુનર
શું શિખવે, સુધારે, શું સમજે મરજ?
પુરી કરવી સરજત, એ આદમને સર
સુતાં જાગતાં દમ બ દમ છે ફરજ.


મગર જે ફરજ તેજ અધિકાર અહીં,
તે સંસ્કાર છે સારી જિંદગીતણો.
સાર અજમાયશે મેં એ શોધ્યો સહી;
એજ પાયો હવે મારી બંદગીતણો.

વગર ઉંઘની જિંદગી બી બખશેશ છે
જાગતા જાવેદાન પાક દાદારની.
દુઃખ પોતે બી સુખનો છુપો વેશ છે;
ને કોતાઈ (છે) મોટાઇ હું ગમખારની.

હું કેવો સકરમી ! હું કેવો સુખી !
હજારો ને લાખોનાં દુઃખમાં તણાઉં.
એક જિવ મ્હારો છે લાખ જિવતર રૂપી–
ન મોટો છતાં મોટાં મનનો ગણાઉં.

શુકર તુજ, ખુદા, જે તું બખશે તે બસ.
ન બખશે જે બસ તેબી–પર્બત કે રજ.
વગર ઉંઘની જિંદગીને હસતો હું વશ,
કે ઉંઘ આવે ભર જ્યારે મદ્દી કબજ.





જિંદગીનો હિસાબ.

હજારો ને લાખોના લખયા હિસાબ;
કરોડો હકીકતનું ટિપ્પણ કિધું.
તે જમ જ્યારે જોવાને આવે શિતાબ,
જોય, સરવાળો કરતાં, તો ચોખું મિંડુ.

કરે બાદબાકી—એ શું ખાડો કે ખીણ ?
આ લંબાઈ, પહોળાઇ, ઉંડાઇ અપાર.
પૂરે કોણ ખાડો, ભયાનક ને હીણ ?
રચે કોણ પુલ, થાવા ઉપર પસાર ?

ગુણાકાર કરતાં મુસીબત છે તેજ—
ગમે તે રકમથી મિંડાને ગુણે,
મળે નહિ નતીજો કદી પણ સેહેજ,
નકામી એ મેહેનતનો બદલો, તુને.


ગમે ભાગ પાડે જો ઈનસાફી જમ,
અભાગ્યાને ભાગે શું આવે સવાબ ?
સિલકમાં મળે નહિ જહાં દમડીનો દમ,
ધણી-સાધને[1] તે શું આપે જવાબ ?

ભરી મુઠી બંધ જિંદગીમાં લઇ ફરે,
જે જરને જવાહેર ને માલેતુજ્જાર;
તે ખોલે ન મુઠી જો જિવતો મરે--
ભરૂસો છે આખર એ જર થાશે યાર.

વખત આવે મુઠી ઢિલી આપોઆપ;
પડીજાતી ગર્દન, મિચઈ જાતી આંખ.
ઉલટથી જતાં લેવા જરમાલ માપ,
મુઠીમાં જુએ તો–નથી ચપટી ખાખ.

બધા હાથ ખાલી, ને ખોટા હિસાબ.
ખરી છે દયા એક દાદારની.
રકમ તેજ છોડવશે જિંદગી કેતાબ;
કુમક તેજ ફક્ત કુલે નાદારની.

[1] ધીરનાર.



મ્હારી ધરમ-બહેન.

જુદા પડતાં માદરથી બેટા બેફામ—
વગર ફામનો, હું વગર હોશનો—
પોકારૂં કયું, કરગરી, નેકનામ,
બુજવવા ગરમ શોલો અફસોસનો ?

અરે કો ન આગળ, ન પાછળ બી કોઇ;
ન આજુ ન બાજુ, વખત આહવે એન.
પિદર કહાં ? કહાં માદર ?—પુછું જિવને, રોઇ.
ખુદા કાં ન બખશે બિરાદર કે બહેન ?

જરૂર માવગરનાં ને અકસીર હ્યાં
છે જિંદગીની રહાબર, વડી બહેનની.
નયતની નિગેહબાન, જે છોટી મા
ભુલાવે અસર બહુ જુદઇ-ચેનની.

વરસ તીસથી બી વધુ વહિ જતાં,
બિજી કંઇક સગઇ મેં આ જગમાં કરી.
મગર છે તે જૂદી-હતી ના હતી.
ગરજ જેની તે તેજ સારે ખરી.

એ અરસામાં બહુ બહુ પડી છે જરૂર,
અરે બહેન ત્હારી-ન ધારી તું આવ.
પિઠે ઉભી રહિને જય્યા માની પૂર,
ને બચગીની હસ્તી ફરી તું વસાવ.

નિખાલસ ને દુલ્લું જે તારૂ જિગર,
તેના છાયાનિચે મ્હારી જૈફી ઉધાર—
જવાનીમાં જૈફ, બીજું બચપણ એ કર
તું ચંદરોજ તાજું-દઈ દિલને કરાર.

ખિલેલાં ને તરદૂદ ત્હારાં મગજ
નો લાભ આપ ભેજાં સુકાંતાંને હાલ;
કે ચાલુ અભ્યાસે ચવાતું, કવસ,
આ ભેજું ખિલવતું રહે તેના ખ્યાલ.

ધરમ-બહેન, ત્હારી શી ગાઉં સિફત ?
દયાવાન આયા દિયે જાતીભોગ;
મુફત શી કરે દરદીની માવજત,
કલાકે કલાકે તપાસીને રોગ !

મુગે મ્હોંડે બેસી ખમે મુજ મિજાજ—
મરજના જે ઉભરા નિકળતા બહાર.
હસાવી રમાડી સુવાડે તું આજ;
ચમક પાછી દેખી રડે જારજાર.

હકીમોએ આપ્યો હવાલો તુને—
"દવા કરતાં અકસીર બહુ સારવાર."
હિંમત ભર્યા બોલો હસી સહુ સુણે—
"હું જિવ મ્હારો આપી બચાવા તયાર."

વગર તુજ મદદ, બહેન, મારૂં શું થાત?
મુલક પારકે કોઈ પૂછે ન ભાવ.
ભલે લાગી ભોળી ભલી મારે હાથ—
પૂછી તો થવાનું જે હોએ તે થાવ.

અજબ છે એ મળવું; શો સરજતનો છાપ?
તું નોરમન નુરાની, હું વતની ઈરાન.
તું ખ્રિસ્તિ, હું જરથોશતી—કેવો મિળાપ?
અજાણ્યા હું જુદદીન'પર તું દિલફેશાન.


મગર તાજુબીની બી પાછળ સબબ—
નકી કોણ કહે તુજ નસલ કોણ હશે?
હું જાણી જરા બી ન થાઉં અજબ
જો જરથોશતી લોહિ ત્હારી રગમાં ધસે.

ઘણી વાર જોયું તુજ દિલનું ખમીર
મેં ઉભરાતું જરથોશ્તી જેહને ભરયું.
ઘણી વાર ત્હારા વિચારો કમીર
થી મન મ્હારૂં પોતાનું ચમકી ફરયું.

તો કાં તું ન જરથોશ્તી તોખમની હોય ?—
બુજોરગીભર્યા જેના ફિલસૂફ બાપ
અસલ એ મજહબની કુલ ખૂબીઓ જોય—
છે સંજોગ એવો કલ્પવામાં પાપ ?

મગજથી, કે દિલથી, કે લોહીથી પણ
તું જરથોશ્તી હોવી જરૂર જોઇયે.
સદા હમશરીક જિંદગીનો મુજને ગણ—
તું હું બંને એકજ હવેથી છઇયે.





ખોવાયલું રતન.

નજર પડયું આદમની ઓલાદમાં,
સુચવતું પુરાતમ જે જરથોશતી ખુન,
રતન એક-લાખેણી એકાદમાં
મેં જોયું હશે એવું તો બેનમૂન.


અએ ખાલેસ રતન! હિંદસાથે ઇરાન
મળી તુને બખશે છે જિન્નતી આબ.
ખુદાની કરામતનાં કરતાં બયાન,
કલામે કલામે ભરાયે કેતાબ.


જરૂર શી તુને એલ્મની? -સહુ ફજલ-
જનમથીજ ગેબી બશારત્ ઘણી.
ખુબીભર્યા ખાબ, મુખતેસર અહિં અજલ;
નુરી છે તું બખશેશ અહુરમજદની.

અમર નૂર, જેમાંથી તું નિકળયું-
જા મલકાતું પાછું તે નુરમાં સમા.
શું ખોવાયું, જઇ જે ખુદાને મળ્યું ?-
હયાતીના હૃદયાની જહાં નહિ તમા.

ના, ખોવાયું નહિ, એ તો પાયું સદા;
ફકત પાકી સાચવવા દેખીતું ગેબ.
ખમીર પાકદામાન, પવિતર અદા,
ખમે કાં આ દુનિયાના ગમ ને ફરેબ ?

રહે સદા સુર્ખરૂહી, પ્યારાં નુરી રતન !
શિખવ તું હમોને ફરજ નેકજાત.
ગમીમાં કાં ગરકાવ આ તન ને મન ?
ખુશી થાવું મુમકિમ સદા ત્હારીસાથ.





પારસી કોમને એક અરજ.

ઉઠો ઉઠો પારસી લોક, હવાં તો જાગો ;
સોતાં સોતાં સંસાર થઇ જાશે નાગો.
અરે થયો, હવાં શો રહ્યો થવાનો બાકી ?
આ પાક મજહબમાં પસરી રહી નાપાકી.

જે મજહબ સત્ય શિરોમણી, પવિત્ર અસલથી.
જે સૂર્ય ચંદ્રથી જુનો, જુનો કહું જળથી[1] ?
જે જુનો અગ્નિ તારાથી, જુનો વાદળથી–
માનવ, દાનવ, શું દેવ, જુનો તે સકળથી.

જે ધર્મ ધજા ઉડી રહી પૃથ્વિ ચોપાસે–
રૂમ, શામ, ચીન, તાતાર, જમિન આકાશે.
વળી મિસર, હિબરૂ ને હિંદ મુલકજે ગજવે ;
જે સત ઇશ્વરની સત્તા સરવકન ભજવે.

---

૧ અષેમ્‌ અને અહુનવર બંદગી આ દુનિયાંની પેદાશ આગળની ગણાયૅલ છે.

જે ધર્મ નીતિ, સંસાર, ન્યાયમાં પેહેલો.
જે આત્મજ્ઞાનનો માર્ગ બનાવે સેહેલો.
તે ધર્મ હવાં કાં પડયો આવી ગફલતમાં ?
શો ભંગ પડયો રે, હાય, જરાથુસ્ત્ર સતમાં ?

કયાં ગયા ઉપાધ્યા, દસ્તુર ને દાવર કયાં ?
મોબેદ અને બેહદિન, મરતબ નાવર કયાં ?
જે અસલ મજહબ દુનિયાના મહાત્મા માને;
અકબર ને સિકંદર કદર નમીને પિછાને.

કયાં ગઈ ખાલેસ સાદાઇ, અશો સચ્ચાઇ,
આપએખત્યારી કયાં ગઇ એ મજહબની, ભાઇ ?
જે ગુણ પરતાપે જુલમી રાજાઓ કંપે,
દુખ દઇ પરજાને કદી બેસી નહી જંપે.

જે ગુણથી દસ્તુર રાજ કરે દુનિયામાં;
જે ગુણથી સિંહને વાઘની થાયે સામા.
જે ગુણ મોજેજા કરી બતલાવે ભારે–
શક્તિનો પાર નહિ, સત્ય જયાં આવે વારે.

શક્તિ કયાં ? કયાં સત્તા છે, આત્મ મોટાઈ ?
જુવો દસ્તુરો, મોબેદો, આજના આંહી.
અજ્ઞાની, આળસુ, પૈસાના પૂજારી ;
ભુખ્યા ઠાલી કિરતીના કો ભિખારી.

દારૂડયા, સટ્ટાબાજ, વેહેમી, કોઇ કપટી,
લંપટ, લુચ્છા કો હશે, કો 'હાથે ચમટી.'
કરી ધરમતણા ચોપાસ બજારૂ ધંધા,
પૈસાની રેલમાં સેલ કરે એ અંધા.
કોઇ કલાલ થઇને બેસે, રસોયા કોઈ;
કોઇ પેટ ભરે દોજખ દરવાજા ધોઈ.
કોઈ કારજ સાંધે, ઉંધાં ચતાં સમજાવી;
કોઇ તોડે થયલાં કાજ, લાંચ લઇ ભાવી.
કોઇ ચીઠી ચપાટી કરે, ગાય કો ગિતડાં ;
કોઇ વેંહેંચે ન્યુસપેપર, નાટકનાં ચિથડાં.
રોકાય એમ પારસી ધરમ ઉપાધ્યા,–
ધરમી બળદો'પર અધરમ બોજા લાધ્યા.
શા હાલ ધરમના ધરમગુરૂ જ્યાં આવા ?
કજિયા, કંકાસ, કક્રોડા કાવાદાવા.
જે જજમાનો ત્યાં ફરે, ક્રિયા કરવાને,
મોટે ભાગે તે વેઠ પેટ ભરવાને.

ઝુલ.

જામા પીછોડો પદાન
પેહેરી કોઇ વાળે ધાણ.
ચપલુસિયા ચુગલીખોર.
કોઇ જાણે ચાંચિયા ચોર.

મોંથી ભાવે કોઇ ભુંકે;
જિવતાં મૂવાં નહિ ચુકે.
ગિદડા નસસાલ તો ભલા,
મૂવાંની લિયે જે બલા.
પણ આતો જીવતાં લુટે;
લુટતાં પણ લોભ ન ખુટે.
એ મનુષરૂપી ગિદડાથી હું નહાસું આઘો,
જોતાં જોતાં સંસાર થઈ જશે નાગો.

હવે જુવો શેઠિયા આગેવાનના ખેલો–
બહુ થોડા શેઠિયા, બાકિ વેઠિયા બેલો.
જેમ હાંકે બીજા, તેમ હંકાયા જાયે–
નીચી મુડી, પુછડી બે પગની માંહે.
મુકી પીઠઉપર બહુ ભાર પાપી દોલતનો,
અંધારે ગોતાં ખાય, માર્ગ ભુલી સતનો.
નહિ સાથે લેઈ જવાય, આપે બચ્ચાંને,
નાદાનો ખરચી ખાય હજારો બહાને.
બહુ દિઠા દાખલા એવા આપણે પોતે–
ધન દોલત ઊડી ગયાં રે જોતે જોતે.
રહિ ગયા અસલ જે હતા, મતા સહુ ખરચી,–
કાછીયા, માછીયા, બુટલર ને બાવરચી.
દિઠી બહુ એવી શેઠાઇ જમાના બેમાં–

હવે રેહેવા દો તકરાર, સાર નથી એમાં.
મન ભાવે તેમ દોલત ખરચો, પોતાની;
ખોટી કિરતી પછી ભોગવશો ખરી હાણી.
પણ મહાભારત જે પંચાયતની પૂંજી,
ઉપયોગ કરો તેનો તો જોખમ બૂજી.
એ પૂંજી[1] પર આધાર પ્રજા આખીનો;
શા માટે બગાડો ભવિષ તેનો બાકીનો ?
હક પ્રજા માત્રનો વિગત જાણવી કુલે-
ક્યારે ને કેમ વાપરવી, ઉપજ કે મૂળે.
કાં પ્રજા પુછે નહી—શું ખરચ્યું, શે ખાતે ?
કાં છુપી રીતે ખરચાય એ બે ત્રણ હાથે ?
નહિ ખાતું એ કાંઇ મામા માસી કરવા-
કરિ નોંધ નનામી, ને ઘરનાં ઘર ભરવા.
મોટાંનાં પેટ કાં ભરો, કાપી નાનાંને ?—
ચુસી લોહિ ભુખ્યાનું પાવો આસુદાને ?
તમો વાલી કોમના, ચોખો રાખો હવાલો;
અહુરમજદને મોં બતલાવા વચન ઝટ પાળો.
હશે વેહેમ લોકમાં-વાત આ સરવે ખોટી-
પડિ બહાર ખુલાસો કરો, કિરતી થશે મોટી.
દાનત તો તમારી સાફ, વિવેક ન કાચો.
પાસાંમાં લઈને પ્રજા, અમલ કરો સાચો.

૧ ધ્યાંજ કે મુદલ.

દોલત ગંજાવર પડી કિટાયે આજે,
સંભાળી, સમતી લેઈ મુકો વધુ વ્યાજે.
ઇતબાર કોમનો વધે જોઇ હીમત એ;
વધુ વધુ આપવા રાજિ—સમજો શિક્ત એ.
વધે ચાલુ આવક યોગમથી, વ્યાજ બમણું જો;
શું કરી શકો નહિ કોમ તણું તો ભલું જો!
દસ્તુર મોબેદના હાલ સુધારો, શેઠો:
એકલપેટઇનો સળો એ બેમાં પેઠો.
શું કરે બિચારા, કદરસનાશી થોડી?
ધંધાધાપામાં પડે, ધરમ દઇ છોડી.
દુર્ગુણ બેહેદિનના લિયે મોબેદો ઝાઝા;
દરદીની સાથ દરદી બનશે સહુ સાઝા.
છે હજી અસલના ગુણ આથોરનાનોમાં;
મળિ આવે ચાર કે પાંચ હજી પણ સોમાં.
એવાને એલ્મમાં ચુસ્ત કરો, કહું, પુરતે;
આગળ પડતો જે સવઇ, કરો દસ્તુર તે.
આપો તક બેહેદીનોને એલ્મ લેવાની;—
મોબેદ, ભલે દસ્તુર, બને તો થવાની.
દસ્તુરજાદો દસ્તુર બને તે નકામો,
જો એલ્મથકી ટક્કર ઝીલે નહિ સામો.
એ પછી કરો સંગિન સંસાર સુધારો;
ગરિબાઇ ટાળી સુખ કોમનું સર્વ વધારો.

ચોગમ વસ્તી ફેલાવો, વતન મુકી ન્હાનું;
ખુદ હિંદમાં લો સંસ્થાન એક પોતાનું.
કરો સ્વરાજ સત્તા પ્રજા તણી હેઠળ રે.
નહિ ફરી ફરી! એવી આવે શુભ પલ રે.
બહુ બહુ કરવાનું રહ્યું, હું ક્યાં વિસ્તારૂં?
જાવતમાં ભવિષનું ચિત્ર ફકત એ ચિતારૂં.
ઉઠો ઉઠો, શેઠ, તમો કોમના આગેવાનો,
ઝુકતાં ઝુકતાં વહિ ચાલ્યો આખો જમાનો.

ઝુલ.

પણ શેઠની કમ્મરે લચક;
પગ હાથ તો પોચા પચક.
ચેહેરો જુવો ફીક્કો ફચક;
કોણ આપે એમને મચક?
જિવતાજ, ખાંધિયા, સચક.

ફરી લોહી ક્યાનીનું, શેઠ, ખુદાશુ માગો.
સોતાં સોતાં સંસાર થઇ જશે નાગો.

હવે રહ્યો છે ત્રીજો વર્ગ, જુવાનો, તમારો—
જરથોશ્તી ભવિષ ઉમેદનો એજ સેતારો—
ઝગઝગતો અને ઠણઠણતો મરદ ઓરતમાં—
બેટા બેટી ઓલાદ વસે જયાં સતમાં.
ઉઠો યાર, સુધારાતણા સેપેહસાલારો;

નર શેર, નારી સતિની તમે ફતેહ પુકારો.
ધસો ધસો ફરજમેદાન, ગરજ છે ભારી;
તમઉપર વધુ આધાર, પુરૂષ કે નારી.
અફસોસ, પરંતુ, એબ તમોમાં પણ છે.
એકંદર લેતાં હજી જો તમને ધન છે.
એક એબ દેખું તે નકલ ખોટી કરવાની;
મોટાંનું દેખિ નાનાંએ મફત મરવાની.
એ વાનર નકલે પડે સોસતું થ્યાં રે;
હજી પડશે, બારિક વખત આવશે ત્યારે.
ખોટી કેળવણી પુરૂષ સ્ત્રીની જે સરખી–
પોકળ, ફિસિયારીખોર–જાવ શું હરખી ?
જે સમય, સ્થીતિ, દીન ધરમ, કશું નહિ દેખે;
ચાળા ચસકામાં ચળે જે વાનર પેખે.
મુકી નકલ ઠાલી, નકકર ગુણ પકડો સહુના–
મેં ઠાઠ દિઠા છે ઘણા રે મક્કરવહુના.
તું મડમ થતી મરી જાય–ભુંડણ છે જાણે–
જબરાંને જોઇને નબળો જીવ કાં તાણે ?
આ બાલનો ડુચો કીધો પછાડી શાથી ?
આગળ શું ?–બાલારીંછ કે વાવઠાકાઠી ?
ઉંચિ બુટની એડીથી આંખના તંતુ તૂટે,
કમ્મરની હાડકી ખીસી પિંડુમાં ખૂંચે.

આ ચટાપટાનું ચીથરૂં તને નહિ છાજે;
ચટપટ ઘરમાં ચોખ્ખાની કાલે આજે.
સુખ માન કદી નહિ મળે નકલ કરવાથી–
નહિ સ્વર્ગ જવાયે વગર મોતે મરવાથી.
તુજ એબ, કહું, ખોટી કેળવણી લીધે;
સાચી કેળવણી લેઇ જા રસ્તે સીધે.
નહિ તો, એ લાલચ મુકી, હતી તેવી રહે.
ભોળી ને ભલી, નિર્દોષ જિંદગી સેહેવી લે.
જો સુરત, ભરૂચ, નવસારી ગામડેવાળી,
હજી બેહેન કેવી ઘરબાર સુખે છે રૂપાળી !
મુકી બહેન હવે જુવો ભાઈ, નવા સુધરેલા–
"સુધરેલા" એટલે સરવે વાતે ગયેલા.
ઘરમાં ગંધારો, બહાર ફરે રંગીલા;
થઇ સમીસાંજ કે નિકળે બાવરા વિહલા.
નાજુક, નવરા ને હાથ પગે છે આખા;
મોટઇયે મરે જ્યાં ખાવા પિવાના વાખા.
બહુ શરમ કામ ધંધાની, જનમ ભીખારી;
નબળાં'પર શૂરા, જબરાંથી જઇ હારી.
ચચ્ચો મમ્મો જિભઉપર, નફટ હિચકારા,
બૈરાં'પર જીવે–બળ્યા તમારા સુધારા.
"શું કરીએ? બાવાની જાહોજલાલી ગઇ તે?–"
"આદત સુખની મુકતાં મૂકાતી નહિ તે?"

એ શું બોલે, તું ભાઇ, જરથોસ્તી ઈરાની ?
તુજ નસમાં લોહિ કે ગટરનાં ગદલાં પાણી ?
તુજ ક્યાની પુરાતમ ખમિર ગયું ક્યાં બેસી ?
અએ હિંદવતનના જવાંમરદ પરદેશી.
થવું એમ હતું તો દેશવટો કાં લીધો ?
હુરમતને ખાતર આજ સુધી નહિ બીધો.
નથી અસલ લોહિ ધોવાયું, સુસ્ત થયુ હોશે;
ઉઠ, હિલવ હાથ પગ, ગરમી આવતી જોશે.
ઉઠ ઊઠ, બિરાદર, તટાર થઇ જો સામું;
સંસારની કુસ્તી શિખવે પાક શાહનામું.
ઉઠ, બિદાર થા, આળસ મતલબની નિંજથી;
સંસાર સિનાપર છોડ કિરતીની કિશ્તી.
લડ જમીન ઉપર—દપટાવ રખસ તું રણમાં;
દુશમનને માર—એકલપેટાઈ જે મનમાં.
જે રીતે પેહેલે પોતાને ખરો પીલતન તે—
કરે કોમને અરપણ સદાજ તન મન ધન તે.
પેહેલું સુખ કોમનું શોધી, બિજુંજ કુટુંબનું,
છેલું પોતાનું શોધ—જરૂર નહિ કહું હું[1].
ઉઠો ઉઠો, પડો મેદાન, ફરજજંગ રીતો,
લેયાનત તે પારસી લોહિ, ભરાયે બ્હીતો.

---

૧ એમ કરશે તો પોતાનું સુખં શોધવાની જરૂર પણું નહી રહેશે.

ઝુલ

મગજને રોકો રગડો ઘસો;
શરિરના સ્નાયુ સઘળા કસો.
કોમનાં ભલાં કાજ સહુ વસો;
આપ તો આવ્યા તેવા જશો;
હયાતી અર્થ બોળી નાખશો.


જાતાં પેહેલાં જિવ પરસુખ સીકે ટાંગો;-
સોતાં સોતાં સંસાર થઈ જશે નાગો.



આદમી અને તેની દુનિયા.

રચનાર

“સરોદે ઇત્તેફાક” ના કર્ત્તા.



મુંબઈ.

ફોર્ટ પ્રિંટિંગ પ્રેસમાં છાપ્યું છે.

સને ૧૮૯૮.